

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૨૮૨૫૧




સંકટ સમે કીધું કાજ, તમને ધન્ય છે બાપુ!
મિત્રની ટાણે રાખી લાજ, તમને ધન્ય છે બાપુ!
ધન્ય છો તમે બાપુ! ધર્મ-યુદ્ધનું દીધું દૃષ્ટાંત-
મૈત્રી નિભાવી જાણી આજ, તમને ધન્ય છે બાપુ!
(મા.શ્રી શંકરસિંહે પૂરી સાક્ષી)




સાચા અર્થમાં,
આ ભારતીય નારી -
બન્યાં 'યશો-દા'..

ફળી છે શ્રદ્ધા,
- નિષ્ઠા પતિવ્રતાની -
થયાં અર્ધાંગ..

(તપોનિષ્ઠ અ.સૌ.જશોદાબહેન ને વંદન)

## ચિંતન

*ભોગા ન ભુક્તા વયમેવ ભુક્તા-સ્તપો ન તપ્તં વયમેવ તપ્તાઃ ।*
*કાલો ન યાતો વયમેવ યાતા સ્તૃષ્ણા ન જીર્ણા વયમેવ જીર્ણાઃ ॥*

ભતૃહરિના વૈરાગ્ય શતકનો આ શ્લોક અજ્ઞાની લોકોના ભ્રમને માટે દીપ-દર્શન સમાન છે :

'અમે ભોગોને નથી ભોગવ્યા પણ ભોગો એ જ અમને ભોગવી-અશક્ત-દુર્બળ-ક્ષીણ શક્તિવાળા અને લાચાર બનાવી દીધા છે. અમે કંઇ જ તપ કર્યા નથી, અમે જાતથી જ તપ્યા છીએ સંસારમાં જીવવા માટેના હવાતિયા એ આપણને તપ લાગે છે પણ 'સંતાપ'નું કેન્દ્ર જ છે. આપણે કહીએ છીએ સમય બહુ પસાર થઇ ગયો.' હકીકતમાં વ્યવહારમાં કાળ નહીં આપણે જ ચાલ્યા જઇએ છીએ. મૃત્યુના મુખમાં આપણે જ કાળનો કોળીયો થઇ જઈએ છીએ. તૃષ્ણા-ઇચ્છાઓ હવે મરી ગઇ છે. જીર્ણ થઇ છે એમ કહેવાતું હોય છે પણ વ્યવહારમાં તો આપણે જ ક્ષીણ-અશક્ત-જીર્ણ થઇ ગયા હોઇએ છીએ. વૃદ્ધ થઇ ગયા છીએ.

સુખ-સમૃદ્ધિ અને ભૌતિક સુખ-સુવિધાના ભોગ ભોગવવામાં આપણને સુખ દેખાય છે પણ વાસ્તવમાં એ એક અંદરથી કોરી ખાતો ઉંધઇનો કીડો જ છે. જે આપણને અંદરથી કોરી ખાઇ ખોખલા બનાવી નાખે છે. ભોગ આપણને ભોગવે છે રોગ-વાસનાઓ આપણને સંતાપે છે. દવા ઓપરેશનોથી આપણે ક્ષીણ થઇએ છીએ.

## સુવિચાર

- સામેના માણસને ઉચિત સન્માન એ તમારી ખાનદાનીની પારાશીશી છે ભલે તમે તેને મુલાકાત ન આપો. મળવાનો ઇન્કાર કરો પણ તમારી 'ના' કહેવાની રીત પણ 'હા' કહેવાની રીતથીયે શાનદાર હોઇ શકે છે - ***રમણ મહર્ષિ***
- 'કદી કોઇ કામ અધૂરૂ પડતું ન મૂકો!' કારણ કે લકવાગ્રસ્ત નિર્ણયશક્તિ એ પરાજયનું પ્રવેશદ્વાર છે - ***જ્ઞાનસૂત્ર***
- ભણેલો ગણેલો માણસ 'ઉદ્યોગ પરાયણ' બનવાને બદલે 'ઉદ્વેગ પરાયણ' રહે છે, એટલે જ અરાજકતા બેફામ વધે છે - ***ચંદ્રકાન્ત બક્ષી***
- ભક્તિનું પ્રદર્શન કરવું એટલે ઇશ્વરનું અપમાન કરવું, કીડીના પગમાં ઝાંઝર પહેરાવ્યું હોય અને એ ઝાંઝરનો રણકાર પણ ઇશ્વરને સંભળાય જ છે, ઇશ્વર બહેરો નથી - ***રોહિત શાહ***
- એકલો જ પ્રાણવાયુ ના પૂરતો જીવવા વિશે, જીંદગીને કયાં કશો અંદાજ છે શ્રદ્ધા વિશે - ***પન્નાલાલ પટેલ***
- 'મા'ની જીંદગી ગજબ હોય છે, ન જાણે કઇ શક્તિ ઇશ્વરે માતૃત્ત્વમાં મૂકી છે, જે ઢસરડાને આનંદમાં ફેરવી શકે છે, અને વૈતરાંને વાત્સલ્ય બનાવી દે છે - ***ભૂપત વડોદરિયા***
- આજકાલના માણસોમાં સુખ અને બુદ્ધિ ભેગાં ભાગ્યે જ જોવા મળે છે - ***ચંદ્રકાન્ત બક્ષી***

***(સંકલન : દીપક વી.આસરા)***

## બોધ કથા

આપણી કોઇ પ્રશંસા (સાચી કે ખોટી) કરે તો આપણને મજા આવે સાચી સલાહ કે સત્ય કહે ત્યારે ક્રોધ આવે છે. સજ્જન-ભક્ત તટસ્થ હોય છે. એને નિંદા-પ્રશંસાની કોઇ જ અસર થતી નથી.

એક બાદશાહ અલ્લાહ-ધર્મથી વિમુખ હતો તેના જ રાજયમાં પ્રખ્યાત સંત ઓલીયા મન્સૂર રહેતા હતા. તેઓ કાયમ 'અનલહક' (અહમ્ બ્રહ્માસ્મિ) નો જાપ કરતા અને પ્રચાર કરતા હતા. રાજા હિરણ્ય કશ્યપ જેવો હતો. પોતાને જ 'ખૂદા' સમજતો.

ફકીર મન્સૂરને સભામાં બોલાવી. ચર્ચા કરી પણ મન્સૂરે જવાબમાં માત્ર 'અનલહક'નો જ જાપ કર્યો. બાદશાહે ફાંસીની સજા ફરમાવી દરેક લોકોને સૂચના આપી કે દરેક જણ મન્સૂરને ખાસડું મારે પછી જ ફાંસી... અપાય.

ગામ લોકો આજ્ઞા પાલન કરતાં હતા પણ એકે તેના ચરણમાં ફૂલ ચઢાવ્યાં અત્યાર સુધી આનંદમાં રહેતા મન્સૂર રડી પડ્યા. રાજાએ કારણ પૂછ્યું. મન્સૂર કહે ખાસડાં પડતાં હતા ત્યારે અલ્લાહનું નામ લેવાતું હતું. પણ ફૂલ ચઢતાં બંધ થઇ ગયું તેથી રડવું આવ્યું. હે રાજન તું પણ સમજ.

અગર હૈ શોક મિલને કા, હરદમ લૌ લગાતા જા ।
જલાકર ખૂદ નુમાઇ કો, ભસમ તન પર લગાતા જા ॥

રાજાને બ્રહ્મજ્ઞાન થયું, હૃદયપરિવર્તન થયું. ફાંસીની સજા માફ કરી.

Email - sureshchandrabhatt18@gmail.com

# વિશ્વપ્રસિદ્ધ અભિજાત સૂર સમ્રાજ્ઞી લતા મંગેશકર

## વ્યક્તિ વિશેષ

***- ડો. આર જે. વ્યાસ***

'વ્યક્તિ વિશેષ' આ કટાર સિરીઝમાં આજે મધુર અવાજ ધરાવતા ભાઇઓ, વિશેષ કરીને બહેનોને અને સંગીતપ્રેમીઓને અવિરત ઉદ્યમ અને ઉત્કર્ષનો રાહ ચીંધતા માત્ર ભારતના જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં ભારતીય સંગીતને સૂરીલા કંઠથી વૈવિધ્યસભર શૈલીમાં રજૂ કરતાં લતા મંગેશકરનું સંગીત-કલામાં પ્રદાન અર્પતું વ્યક્તિત્વ વાચકોને ઉત્પ્રેરિત કરશે.

'વિનોબા દર્શન'માં વિનોબાજીએ કહ્યું છે... "જીવનની દરેક ક્રિયા સુસંગત કરવામાં, શ્વાસોશ્વાસની સાથે અંતરમાં ચાલતા સંગીતના જેને પણ દર્શન કર્યા છે તેનું જીવન ધન્ય બની જાય છે." પરંતુ એક સમય એવો હતો જયારે ગાનારાઓ (સંગીતકારો) પ્રત્યે સમાજના લોકો 'વાહ વાહ' કરવા છતાં માનભરી દૃષ્ટિ ધરાવતા નહોતા, પરંતુ આજે વિવિધ મિડિયાના માધ્યમો દ્વારા ભવ્ય સ્ટેજ પ્રોગ્ટામ દ્વારા, 'સંગીતજ્ઞ' માનપાન અને લક્ષ્મીવંત બન્યા છે... અત્યંત ગરીબાઇ અને સંઘર્ષમાંથી પસાર થઇને ઉત્કૃષ્ટ વ્યક્તિત્વ ધરાવતા માનનીય 'લતા મંગેશકર' નું વ્યક્તિત્વ પણ આવું જ છે. જે પ્રગતિવાંછુઓને યોગ્ય દિશા અર્પવામાં દીવાદાંડી સમાન બનશે.

મહારાષ્ટ્રમાં સાંગલીમાં તેમનો જન્મ થયો. તેમના પિતાશ્રી દીનાનાથ અને માતા શુદ્ધમતિનું આ નારીરત્ન છે. દીનાનાથ એક સારા સંગીતકાર અને નાટકમંડળીના એક ઉત્તમ અભિનેતા હતા. પિતાશ્રી પાસેથી ચાર વર્ષની ઉંમરથી રિયાઝ કરતાં સંગીત શીખવાનો લતાજીએ પ્રારંભ કર્યો હતો.

નિશાળે જવું ગમે નહીં, વાતવાતમાં નાની બહેનો આશા, ઉષા અને મીના જોડે ઝઘડી બેસે એવા ખીજાળ સ્વભાવના લતાજીનું શિક્ષકો સાથે પણ જામ્યું નહીં અને નિશાળનું શિક્ષણ છૂટી ગયું. લતાજીએ સંગીત ઉપરાંત અભિનય-કલામાં રસ હતો. તક મળતા નવ વર્ષની લતાએ 'સોભદ્ર' નાટકમાં નારદનું પાત્ર ભજવ્યું હતું. જેમાં નારદના પાત્રમાં તેમને ગાયેલાં ભજનોએ શ્રોતાગણને આશ્ચર્યમુગ્ધ કરી દીધા હતા.



માત્ર તેર વર્ષની ઉંમરમાં લતાજીના પિતાશ્રી દીનાનાથનું અવસાન થયું. તે સમયે ઘરમાં ખાવાનાં પણ સાસાં પડી ગયા. માતાએ ઘરેણા વેચી ઘરખર્ચ નિભાવવા પ્રયાસ કર્યો. એકભાઇ અને ત્રણ બહેનો સાથે સમગ્ર ઘરની જવાબદારી 'લતાજી' પર આવી પડી હતી. પરંતુ જવાબદારી પ્રત્યે સહેજ પણ વિમુખ ન રહેનાર 'લતાજી' એ અપૂર્વ હિંમત, નિષ્ઠા અને નાની વયે જ ગરીબાઇમાંથી કુટુંબને ઉગારી લેવાનો મનોમન નિર્ણય કરી લીધો. સંગીત દિગ્દર્શન ગુલામ હૈદરે પૂનામાં 'ખજાનચી' ફિલ્મમાં હરીફ તરીકે લતાજીને ભાગ લેવા પ્રેર્યા. પંજાબી શૈલીમાં ગાયેલ ગીતોથી શ્રોતાજનો મુગ્ય થયા. તેમને પ્રથમ ઇનામ મળ્યું. માત્ર ૮૦ રૂપિયામાં ઘરખર્ચ ચલાવવા માટે જરાયે આનાકાની વિના નોકરી સ્વીકારી. ૧૯૪૫માં લતાજીને તે સમયનાં શ્રેષ્ઠ ગાયિકા નૂરજહાં સાથે પરિચય થયો. શરૂ શરૂમાં લતાજી નૂરજહાંની શૈલીથી ગાવા લાગ્યા. પરંતુ ત્યારબાદ સ્વશૈલી, સ્વધૂન વિકસાવી જગવિખ્યાત બન્યા. કુટુંબની સખત આર્થિક ભીંસથી દુઃખી એવા લતાજી શશધર મુખરજી પાસે કામ શોધવા ગયા. પરંતુ "તમારો અવાજ તો અત્યંત તીણો છે... ન ચાલી શકે." કરી નનૈયો ભણ્યો, ત્યારબાદ ટોકિઝમાં 'મજબૂર' ફિલ્મ માટે ગાયેલું ગીત ખૂબ જ પ્રભાવક અને પ્રશંસાપાત્ર બન્યું. બસ, આ પછી તેમને કયારેય કામ મેળવવામાં અથાગ પરિશ્રમ કરવામાં પાછું વાળીને જોયું નહીં. લતાજીના ઘેર નિર્માતાઓ, દિગ્દર્શકોની લાઇન લાગવા માંડી. દિનરાત રેકોર્ડીંગ કરાવતા ભૂખ-તરસની પરવા કર્યા વિના 'લતાજી' એ પરિશ્રમ કર્યો.

લતાજીને મન "ગરીબાઇ કયારે દૂર થાય, પૈસા કયારે ભેગા થાય, માતાજીના વેચેલા ઘરેણાં કયારે પુનઃ વસાવું, ત્રણ બહેનો અને હૃદયનાથ ભાઇને કેમ કરી આગળ લાવું." આ જ ધૂનથી અવિરત થાક્યા વિના કામ કર્યું. તેમનું એક શ્રેષ્ઠ ગીત "આયેગા આયેગા આયેગા આનેવાલા આયેગા" એવું તો ઉપડ્યું કે લતાજીના પ્રાંગણમાં રૂપિયાની વર્ષા થવા લાગી. આ ધનથી ઘરના સૌ માટે તેમને મનગમતું કરી આપ્યું પરંતુ પોતે તો સફેદ કપડાંમાં સજ્જ સાદાઇથી જ ઓપવા લાગ્યા. ફિલ્મક્ષેત્રની પ્રખ્યાત અભિનેત્રીઓના જેવા જ મૂળ અવાજમાં ગવાતા તેમના ગીતો, 'બિનાકા' કાર્યક્રમમાં લતાજીના કંઠે ગવાયેલા ટોચ પર રહેલાં ગીતો, ભારત-ચીન યુદ્ધ સમયે 'એ મેરે વતન કે લોકો જરા આંખમેં ભરલો પાની...' ગીતથી લાખો શ્રોતાઓ અને સ્વ. જવાહરલાલ નહેરૂની આંખોમાં વહેતી અશ્રુધારા આ વાસ્તવિકત દૃશ્યને ભારતીયજનો કે વિશ્વના સંગીતપ્રેમીઓ કયારેય ભૂલી શકે તેમ નથી.

ફિલ્મક્ષેત્રની વૈજયંતિમાતા, હેમામાલીની, મુમતાજ, આશા પારેખ, રીના રોય, સ્મિતા પાટીલ, શ્રીદેવી, મીનાકુમારી આવી સેંકડો યશસ્વી અભિનેતીઓની લોકપ્રિયતા પાછળ 'લતાજી'નો કસાયેલા, શાસ્ત્રીય સૂરીલો કંઠ છે તેને કેમ ભૂલાય! છેલ્લા ૪૫ વર્ષમાં ગિનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાયા પ્રમાણે જુદી જુદી અનેક ભાષાઓમાં ૩૮,૦૦૦ થી વધુ ગીતો તેમને ગાયાં છે. જે એક વિશ્વવિક્રમ છે.

શાળા-કોલેજના શિક્ષણથી વંચિત રહેવા છતાં પણ હિન્દી, બંગાળી, ગુજરાતી, મરાઠી, પંજાબી જેવી અનેક ભારતીય ભાષાઓમાં તેમને ગીતો ગાયા છે. લતાજી કહેતા... "સંગીત એ મારા જીવનનો અને હું સંગીતનો એક અભિન્ન ભાગ છું - હું સતત ગાઉં છું, રિયાઝ કરૂં છું. કારણ કે સંગીતના લીધે જ મારી અસ્મિતા અને અસ્તિત્વ છે." લતાજી એ ગીતા, રામાયણ, મહાભારત, મીરાંબાઇના ભજનો, ચોપાઇઓ, શંકરાચાર્યના સુભાષિતોનું એવું તો ગાન કર્યું છે કે નાસ્તિક પણ અધ્યાત્મભાવથી ભીંજાઇ 'આસ્તિક' બનવા પ્રેરાયા છે.

લતાજીએ દેશ-વિદેશમાં, દુનિયાભરના સુપ્રસિદ્ધ ભવ્ય થિયેટરો, હોલ અને સ્ટેજ પ્રોગ્રામો આપી સ્વયં આંતરરાષ્ટ્રીય સન્માન પ્રાપ્ત કર્યું છે અને ભારતને પણ નામાંકિત કર્યું છે. લતાજી શ્રેષ્ઠ ગાયિકા હોવા ઉપરાંત પેઇન્ટીંગ, ક્રિકેટ, ફોટોગ્રાફી વગેરે કલાઓમાં પણ રસ ધરાવતાં. પારિતોષિકોથી 'લતાજી' સંગીતક્ષેત્રે સમૃદ્ધિ પામ્યા છે. ભારત સરકારે 'પદ્મભૂષણ' એવોર્ડથી તેમને નવાજ્યાં છે. તો યુનિવર્સિટીઓએ 'ડોકટરેટ'ની ડિગ્રી આપી તેમને સન્માનીત કર્યા છે. એચ.એમ.વી. રેકોર્ડઝ કંપનીએ મુંબઇમાં લતાજીનું ભવ્ય સન્માન કરતો કાર્યક્રમ યોજયો ત્યારે વિનીત સ્વરોમાં લતાજીએ કહ્યું, "તમે મારૂં નહીં ભારતીય સંગીતનું સન્માન કર્યું છે હુ તો માત્ર સંગીતનું વાહક પાત્ર જ છું." તે હંમેશા આશાવાદી છે - "મારાથી પણ ચડિયાતા ગાયકો ભવિષ્યમાં થશે આપ નિશ્ચિંત રહેજો." આવા અત્યંત પ્રેમાળ, સ્નેહાળ, સંવેદનશીલ, સહિષ્ણુતાની મૂર્તિ, અત્યંત પરિશ્રમી લાખો જ નહીં કરોડોના હૃદયમાં સંગીત તરંગોથી અભિભૂત કરનાર મહાન ભારતીય 'લતા મંગેશકર' સ્વાસ્થ્ય સુખાકારી સાથે જુગ જુગ જીવો એવી અમારી પ્રભુને આર્તસ્વરે મંગલ નમ્ર પ્રાર્થના.

# આ વર્ષે પણ "અસ્મિતા પર્વ-૧૭" ની ઉજવણી સંતશ્રી મોરારિ બાપુ હરિયાણીના સાનિધ્યમાં ૧૨મી એપ્રિલથી ૧૫મી એપ્રિલ-૨૦૧૪ દરમિયાન, મહુવા અને ચિત્રકૂટધામ - તલગાજરડા ખાતે ઉજવવામાં આવી રહ્યું છે

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
## શબ્દ સેતુ

***સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'***

***સમાચાર સેતુ***

● છેલ્લા ૧૭ વર્ષોથી સતત કાર્યરત એવી, ગાંધીનગર સાહિત્ય સભાની રાબેતા મુજબ, દર માસના બીજા રવિવારે અચૂક મળતી સભા, આ માસમાં તા. ૧૩-૪-૨૦૧૪ને રવિવારના રોજ સાંજના ૫.૦૦ (પાંચ) વાગે, નમન એપાર્ટમેન્ટ સે.૨૧ ગાંધીનગર ખાતે, ભરત કવિ પ્રમુખ બહાર હોઈ, ઉપપ્રમુખ નટવર હેડાઉના અધ્યક્ષસ્થાને મળશે. આ સભામાં સાહિત્યકારો પોતાની સ્વરચિત અને અપ્રગટ કાવ્યકૃતિઓ ગઝલો કે લઘુકથા રજૂ કરી શકશે, જેની એક સ્વચ્છ નકલ કાગળમાં એકબાજુ આપવાની રહેશે. આ સભા નિયત સમયે શરૂ થઈ, સમયસર પૂર્ણ થશે આથી આ સભામાં સમયસર ઉપસ્થિત રહેવા ગાંધીનગર સાહિત્ય સભાના સભ્યો, સાહિત્યકારો અને સાહિત્ય રસિકો-ભાવકો તથા મહાનુભાવોને વિનંતી કરવામાં આવે છે.

● માતૃભાષા અભિયાન દ્વારા વિવિધ સ્પર્ધામાં ભાગ લેવા

માતૃભાષા, અભિયાન તરફથી ગુજરાતી ભાષાના વિકાસ-સંવર્ધન માટે વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી છે. (૧) વિશિષ્ટ શિક્ષક-ગુજરાતી ભાષાના વિશિષ્ટ શિક્ષકનું સન્માન કરવામાં આવશે. આ માટે વિશેષ પ્રદાન સહિતની વિગતો મોકલી શકાશે. (૨) નાટ્યલેખન સ્પર્ધા - ધોરણ ૮ થી ૧૨ નાં વિદ્યાર્થીઓ ભજવી શકે તેવા મૌલિક એકાંક નાટકના લેખકો પોતાની અપ્રકાશિત કૃતિ સંક્ષિપ્ત પરિચય સાથે મોકલી શકે છે. (૩) બાળસાહિત્ય સ્પર્ધા - આ માટે ૧૦ વર્ષની વય સુધીના બાળકોને અનુલક્ષીને મૌલિક, અપ્રકાશિત બાળ સાહિત્ય (ચિત્રકલા), વાર્તા, કાવ્ય, નિબંધ, વિજ્ઞાન દર્શન, સાહસકથા, પ્રવાસ વર્ણન વગેરે...) મોકલી શકાય છે. (૪) કિશોર સાહિત્ય સ્પર્ધા - કિશોર વર્ગને અનુલક્ષીને વિવિધ પ્રકારનું મૌલિક, અપ્રકાશિત સાહિત્ય (ટૂંકી વાર્તા, નવલકથા, કાવ્ય, વિજ્ઞાનદર્શન, સાહસકથા, પ્રવાસ વર્ણન, નિબંધ વગેરે) મોકલી શકાય છે.

આ કૃતિઓ તા. ૨ (બીજી) જૂન, ૨૦૧૪ સુધીમાં, માતૃભાષા અભિયાન, સમુદાય શિક્ષણ ભવન, નવજીવન પ્રેસ સામે, ગુજરાત વિદ્યાપીઠ પાસે, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૧૪ ખાતે મોકલવાની રહેશેય

***અસ્મિતા પર્વ - ૧૭ની ઉજવણી***

દર વર્ષની જેમ આ વર્ષે પણ "અસ્મિતા પર્વ-૧૭" ની ઉજવણી સંતશ્રી મોરારિ બાપુ હરિયાણીના સાનિધ્યમાં ૧૨મી એપ્રિલથી ૧૫મી એપ્રિલ-૨૦૧૪ દરમિયાન, મહુવા અને ચિત્રકૂટધામ - તલગાજરડા ખાતે ઉજવવામાં આવી રહ્યું છે. જાણળા મળ્યા પ્રમાણે, આ પર્વમાં હાજર રહેવા ગાંધીનગરના સાહિત્યકારો સર્વશ્રી ડૉ. કનૈયાલાલ ભટ્ટ, હરિકૃષ્ણ પાઠક, ભરતભાઈ કવિ 'ઉર્મિલ' અને કિશોર જીકાદરા બડભાગી બન્યા છે; તેઓને અંતરના દધિ છલકતા અભિનંદન.

આ અસ્મિતા પર્વ -૧૭ નું નામાભિધાન 'સાહિત્ય સંગોષ્ઠિ, કાવ્યાયન અને શાસ્ત્રીય સંગીત/નૃત્ય મહોત્સવ' આપવામાં આવેલ છે, જેના કાર્યક્રમો નીચે મુજબ છે.

(૧) તા.૧૨-૪-૨૦૧૪, શનિવાર

(એ) વાક્ધારા પ્રાગટ્ય - અસ્મિતા પર્વમાં રજ થયેલું સાહિત્ય - તમામ સ્વરૂપોનું વિવિધ વિદ્વજનોએ આપેલ ગદ્ય-પદ્ય વકતવ્યોનાં સંચયનું લોકાર્પણ.

(બી) સાહિત્ય સંગોષ્ઠિ : (ક) કવિકર્મ પ્રતિષ્ઠા અને કાવ્યપાઠ. (ખ) ગુજરાતી કૃતિઓમાં કૃષ્ણ વિષયક. (ગ) રાત્રે સંગીત/નૃત્ય મહોત્સવ - ચિત્રકૂટધામ - તલગાજરડા ખાતે.

તા.૧૩-૪-૨૦૧૪, રવિવાર.

(ક) સાહિત્ય સંગોષ્ઠિ - સર્જક વિશેષ. (ખ) સ્વજન અને સાહિત્યકાર (ગ) રાત્રે સંગીત/નૃત્ય મહોત્સવ- ચિત્રકૂટધામ - તલગાજરડા ખાતે.

તા.૧૪-૪-૨૦૧૪, સોમવાર

(ક) ભારતીય સાહિત્ય સર્જકો (ખ) કાવ્યાયન (ગ) રાત્રે સંગીત/નૃત્ય મહોત્સવ- ચિત્રકૂટધામ - તલગાજરડા ખાતે.

તા. ૧૫-૪-૨૦૧૪, મંગળવાર (હનુમાનજયંતિ)

(એ) પૂર્ણાહૂતિ - પૂ. મોરારિ બાપુના આશીર્વચન

(બી) કલા અને સાહિત્યના જુદા જુદા એવોર્ડનું વિતરણ - કૈલાસ લલિતકલા એવોર્ડ

***કાવ્ય સેતુ - ચૂંટણી આવી - ચૂંથણી લાવી!***

ચૂંટણી આવી - ચૂંથણી લાવી; ધોરતા સેવકો આળશ મરડી બેઠા થાય છે.
ચૂંટણીનાં પડઘમ સંભળાય ત્યાં જ, કહેવાતા સેવકો, કિડીયારા જેમ ઉભરાય છે!
વેરની આતશ ઠારવા; ધીરે ધીરે ભારેલો અગ્નિ ફૂંકણીએ ફૂંકાય છે.
ગમે તેમ કરીને જીતવા ચૂંટણી જંગ, ફૂડ-કપટનો કાવાદાવા ખેલાય છે!
બાપ જમાવે ભાજપમાં અડિંગો, ને દીકરો શિવસેનામાં જાય છે;
પૂત્રવધુ સાધે સીપાઈએમમાં સાનિધ્ય; ને પત્ની કોંગ્રેસમાં જોડાય છે!
એકાદ જીતે તોપણ બેયહાથે લાડુ; ને ઘરમાં ઘી કેળાં થાય છે!
તટસ્થતા ખરેખર મરીપરવારી ને લોકહિત કયાંક કયાં સચવાય છે?
નિષ્ઠાનો અભાવ ઊડીને આંખે વળગે એવો; ને વિધેયાત્મક દૃષ્ટિ વક્ર થાય છે.
સ્વાર્થના સંધાણે જનહિત ઘવાય છે, ને રાષ્ટ્રીય અસ્મિતાના લીરેલીરે ઊડી જાય છે!
બેફામ બફાટનાં હીનભાષણોમાં, માનવ ગરિમા પણ નેતા ચૂકી જાય છે.
સફળતાની સીડી ચડવા થાય ટાંટિયાખેંચ ને ભયંકર ખૂનરેજી ખેલાય છે.
શતશત કાતિલ સંઘર્ષ ખાંડાધારે; શાન્તિ, શાતા ને શિસ્તબદ્ધતા હણાય છે.
'દધિ!' તક સાદુઓ ચૂંટણી ફંડ ઓળખીને - કમાણી કરી, જરૂર બે પાંદડે થાય છે!

- મૂળજીભાઇ પરમાર 'દધિ'

***બોલો, એ શું કહે છે?***

ઊંચા-નીચા ખડકો પથરાળ પરથી,
દસી-કૃચી નદી પાણી વહેવડાવે,
અથડાતી, કૂટાતી ને વળી પછડાતી,
અન્ય માટે સતત ગોડતી રહે.
બોલો, એ શું કહે છે?
અહીં-તહીં ઉડતી ને ભટકતી રે સખી,
રંગીન ફૂલોની આ મધુ-લુબ્ધ મધમાખી,
પગવાળી, નિરાંતે કદિ બેઠી નહીં, ધખી
અન્ય કાજે મધ મીઠું સંચય, ના ચાખી.
બોલો, એ શું કહે છે?
સૂરજ તાપે તપી-તપી, વૃક્ષ ઊભું અડીખમ,
આંધી-તૂફાન, ભર વરસાદે ધમધમ,
જગને અર્પે છાયા, ફળ-ફૂલ, ન તુ જમ,
મન બધાનું ય રાખે, દુઃખ સહે હરદમ,
બોલો, એ શું કહે છે?
કંટકોની વેદના, રોજ-રોજ ખમી-ખમી,
ગુલાબ સુવાસ પ્રસરાવે હા, નમી-નમી,
સહન કરી શકે, આપે એ સુવાસ રમી-રમી,
આકર્ષણ સૌંદર્યનું, અભિમાન ના, વાત ગમી?
બોલો, એ શું કહે છે?
નદી, ગુલાબ, વૃક્ષ, ને મધમાખી,
સ્થિતિ વિકટ, હારે નહીં, લે બધું સાંખી,
ખુદને જીતી, જગ જીતે, છે ખુદાની ઝાંખી,
શુભ સંદેશ આપે જગને, મૌન જ રાખી.
હવે સમજાયું? એ બધું કહે છે.

- કુન્દન દવે

# આત્મવિશ્વાસ જ જીવનને ધ્યેય અને ગતિ આપી શકે

## લાગણીનો મેળો

***- રસિક વાળંદ 'નિર્ઝર'***

અશક્ય બસ એટલો શબ્દ હોય જો દૂર ને, જુવાન દિલ તો પછી વિજય હાથવેંતે મળ...!

આજનો શિક્ષિત યુવાવર્ગ અજંપાભરી સ્થિતિમાં જીવનના ત્રિભેટ 'કિંકર્તવ્યમૂઢ' બની ઉભો રહેલો જોવા મળે છે. અભ્યાસ પૂર્ણ કર્યા પછી પગભર થવાની ખુમારીનો અભાવ વર્તાય છે. નિરાશ અને નિસ્તેજ ચહેરે નિસાસા નાંખતા યુવાનો જાણે આંખો અને પાંખો મળી હોવા છતાં ઉડવાની ક્ષમતા ગુમાવી બેઠેલ વિહંગની જેમ મુગ્ધ મૂંઝવણ અનુભવતા જોવા મળે છે. દોઢ-બે દાયકાના શિક્ષણ દુર્બળ માનસિક સ્વાસ્થ્ય ધરાવનાર આવા યુવાનો પાસે કઈ અપેક્ષા રાખી શકાય? 'કરીશ જ...' 'બનીશ જ...' 'ના જ' કાર નો અભાવ જોવા મળે છે. મોટાભાગના યુવાનો બીજા કરતા મારામાં અધૂરપ હોવાની લઘુતા ગ્રંથિ થી પીડાય છે. ભાવિ તરફ અવિશ્વાસની નજરે જોવાથી જીવનનો ઉત્સાહ ઓસરી જશે. આ બધાની પાછળ આત્મવિશ્વાસનો અભાવ જ કારણભૂત છે. આત્મવિશ્વાસ જ જીવનને ધ્યેય આપી શકે ગતિ આપે. આત્મવિશ્વાસ વિના માનવ પાંગળો બને છે.

મિત્રો, છતી પાંખે માળામાં બેસી રહે તેને પક્ષી ના કહેવાય! કોશેટો તોડી બહાર નીકળનાર કીડો જ પતંગિયુ બની શકે છે. બાહ્ય સ્થિતિનો ડર છોડી પાંગરવા તત્પર બનતી કળીઓ જ પુષ્પ બને છે. જીવન વિકાસ માટે હિંમત, સાહસ અને ધૈર્ય જોઈએ. જીવનને જંગ કે રમત ભલે માનો પ...ણ... એમાં ઝૂકાવવા આત્મવિશ્વાસ જ સફળતાના દ્વાર ખોલી શકે. બીજાને આપણે ખોટી વાતોથી છેતરી શકીએ છીએ. નકામી ડંફાસો મારી કામ પતાવ્યાનો કે પ્રભાવ પાડ્યાનો ખોટો દંભી આત્મસંતોષ માણવાની માનસિકતા અધોગતિ તરફ દોરી જશે. દોસ્તો, પોતાની જાતને જ છેતરે તે ક્યારેય વિકાસ ન કરી શકે. વાતવાતમાં બહાનાંબાજી ચલાવવાથી લૌકિક વ્યવહાર કદાચ સરળ બને એ સંભવ છે - પણ પોતાના જીવન માટે તો ગતિરોધક જ પૂરવાર થશે. આપણે ભલે કોઈ મોટું કાર્ય કે સાહસ ન કરી શકીએ પરંતુ સાચો વિશ્વાસ બાંધવા સફળતા મળી શકે એવાં નાનાં, સાધારણ કે સરળ કાર્ય તો પાર પાડી શકીશું જ ને?! આવાં ઉપાડેલાં કાર્યની સિદ્ધિના અનુભવનો આનંદ આગળ ધપવાની પૂરણા પૂરી પાડશે. એકવાર સફળતાનો સ્વાદ જીભને વળગશે પછી જ ઉમંગથી જીવન જીવવાની ભૂખ ઉઘડશે.

અજાણ્યા સમુદ્રને ઓળંગીને કોઈ એક કિનારે પહોંચીશ જ એવો ચોકકસ વિશ્વાસ એ જ કોલંબસની સફળતાની પહેલી અને મોટી મૂડી હતી. બીજા ઘણા માણસો એટલેન્ટિક મહાસાગર ઓળંગીને અમેરિકા પહોંચી શકત પરંતુ વિશ્વાસ નહોતો. તેમને એવી ઉજ્જવળ શ્રદ્ધા નહોતી કે કિનારો છે આવા આત્મવિશ્વાસુઓ એ ખેડેલી સાહસ યાત્રાઓ ઈતિહાસના પૃષ્ઠોને શોભાવી રહી છે. મિત્રો, કોઈ એક વિષયમાં મળેલી નિષ્ફળતાની ચોટથી નફરત જન્મે ત્યારે થોડા થંભી જજો... વિચારજો... પેલા કરોળિયાની જેમ...

'કરતાં જાળ કરોળિયો, ભોંય પડી ગભરાય, વણ તૂટેલે તાંતણે ઉપર ચઢવા જાય'

વારંવાર સાતત્યપૂર્વકના પ્રયાસથી કદાચ સુસુપ્ત શક્તિઓ ખીલી ઉઠશે. ક્ષોભ, ચિંતા ને ભય છોડી મકકમતાથી આગળ વધો..... જેમ વેપારી જ પોતાના માલને હલકો પાડશે તો ખરીદશે કોણ..? એમ પોતાનું મૂલ્ય સમજી આત્મગૌરવ ઉભુ કરો. ક્યારેક એવું પણ બને જીવનનો રાહ સરળ ન પણ હોય, મુશ્કેલીઓ-અંતરાયો આવ્યા જ કરવાના તેનો હિંમત પૂર્વક સામનો કરો. હતાશા,ગમગીની છોડી મકકમતાથી આગળ વધતા રહેશો તો જ દિશા મળશે - માર્ગ સૂઝશે. કદાચ પરિસ્થિતિ કાબુ બહારની હોય, પરિણામનો આધાર બીજા પર અવલંબિત હોય... આવા વિકટ સંજોગોમાં આત્મશ્રદ્ધા ડગી જ જાય... ત્યારે જેમ નાનું બાળક માના ખોળામાં સમર્પિત થઈ નચિંત બની ઊંઘી જાય એમ ભગવાનના ખોળે જઈ પ્રેમાળ વિશ્વાસ કેળવશો તો સરળતા - હિંમત અને શક્તિ મળશે. આત્મવિશ્વાસનો અડગ પાયો જ ભગવાન છે. આમ કટોકટીની પળે આવી અડગ શ્રદ્ધા જ જીવનને નવું જોમ પૂરું પાડશે!

વહાલા મિત્રો, આત્મવિશ્વાસ એ તો વ્યક્તિત્વ નિર્માણનો વજ્રલેપ છે. સદ્વાંચન - ઉચ્ચ ચિંતન જ અસ્મિતા નિર્માણ કરશે...! સ્વામી વિવેકાનંદના શબ્દો યાદ રાખો - ઉઠો... જાગો... અને ધ્યેય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી અવિરત મંડ્યા રહો...' જરૂર સફળતા તમારા ચરણો ચૂમશે..!!!

**સ્પર્શમણિ**

જીવનમાં આપવા જેવું શ્રેષ્ઠ શું છે?
- શત્રુને ક્ષમા આપીએ,
મિત્રને હૃદય આપીએ,
સંતાનને આપણા આદર્શ જીવનનું ઘષ્ટાંત આપીએ,
પિતાને સન્માન આપીએ,
માતાને એ ગર્વ લઈ શકે એવા એની કુખને ઉજાળનારા વર્તનની ભેટ આપીએ,
દીનજનોને દાન આપીએ,
અને
આપણને પોતાને પૂતિષ્ઠા આપીએ...

- સ્વામી શ્રી શિવાનંદજી